GJCU020071212025

રજુ થયા તારીખ: ૧૫-૧૦-૨૦૨૫

દાખલ થયા તારીખ: ૧૫-૧૦-૨૦૨૫

ફેસલ થયા તારીખ: ૦૧-૦૭-૨૦૨૬

**અવધિ: વર્ષ , માસ , દિવસ**

**૦૦, ૦૮, ૧૭**

---

**મહે. છોટાઉદેપુરના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.છોટાઉદેપુર.**

---

**ફો.કે.નં.૫૬૫૮/૨૦૨૫.**

**આંક-**

**શ્રી સરકાર** ..... ..... ..... ફરીયાદી.

વિરુધ્ધ

**સંદિપભાઈ નગીનભાઈ રાઠવા,**

ઉ.વ.આ.૨૧, રહે. પનીયાલ ફળીયા, અમલીપાની છોતરા ગામ,

તા.દેવગઢ બારીયા, જી.દાહોદ .... ..... ..... આરોપી.

**ગુન્હો:-** **<u>બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ-૬૫ એ, ઈ., ૯૮(૨) મુજબ.</u>**

---

**ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :-** એસ.એસ.મન્સુરી
**આરોપી પક્ષે વિધ્વાન વિકીલશ્રી :-** એમ.બી.રાઠવા

---

## JUDGEMENT

**(૧)** ફરીયાદ પક્ષનાં કેસની હકિકત ટુંકમાં એવી છે કે, તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ક.૦૯:૪૦ વાગે મોજે કીકાવાડા ગામે કેનાલ પાસે આ કામનો આરોપી એક બજાજ પલ્સર મો.સા. જેના રજી. નં.

જીજે–૦૬–જેકે–૧૯૨૭ માં ગે.કા. નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ બીયર ટીન કુલ નંગ–૯૬, કુલ કિંમત રૂા.૧૧,૦૪૦/– નો પ્રોહી મુદ્દામાલ તથા હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ મો.સા. ની કિંમત રૂા.૭૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૮૧,૦૪૦/– નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુન્હો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૪ થી આરોપીનો જવાબ લેતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા તેની સામે આ કેસ સાબીત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબ પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક/દસ્તાવેજી પુરાવો :–**

| **અનું.નં.** | **આંક** | **પુરાવાની વિગત.** |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદી– અશ્વિનભાઈ સોરમાભાઈ |
| ૨. | ૦૭ | અસલ ફરીયાદ |
| ૩. | ૦૮ | પંચસાહેદ– લાલસીંગભાઈ સુરેશભાઈ રાઠવા |
| ૪. | ૦૯ | પંચનામું |
| ૫. | ૧૦ | પંચસાહેદ– ગેમલાભાઈ રમતીયાભાઈ રાઠવા |
| ૬. | ૧૨ | સાહેદ– વ્રજેશકુમાર રમેશચંદ્ર |
| ૭. | ૧૩ | બી.એન.એસ.એસ. ૬૩(૪)સી મુજબનું પ્રમાણપત્ર |
| ૮. | ૧૪ | ગુનો દાખલ કરવા બાબતની યાદી |
| ૯. | ૧૫ | ત.ક.અ.– પુનિતભાઈ નાથાભાઈ |
| ૧૦. | ૧૬ | આર.ટી.ઓ. કચેરીને કરેલ યાદી |
| ૧૧. | ૧૭ | આર.ટી.ઓ. કચેરીની રજી. ડીટેઈલની યાદી |
| ૧૨. | ૧૮ | વાહન વેચાણ કરાર |
| ૧૩. | ૧૯ | રવાનગી નોંધ |

૧૪. ૨૦ મુદ્દામાલ એફ.એસ.એલ. મા મળી ગયાની પહોંચ
૧૫. ૨૧ મુદ્દામાલ પૃથ્થકરણ થઈને આવેલાનો ફોરવર્ડીંગ લેટર

ફરીયાદપક્ષે પુરાવો પુરો થતા આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ નિર્દોષ હોય તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.મન્સુરી ની તથા આરોપીના વિ.વકીલ શ્રી એમ.બી.રાઠવાની દલીલો સાંભળવામાં આવી.

(૩) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે,

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત કરે છે કે, તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ક.૦૯:૪૦ વાગે મોજે કીકાવાડા ગામે કેનાલ પાસે આ કામનો આરોપી એક બજાજ પલ્સર મો.સા. જેના રજી. નં. જીજે–૦૬–જેકે–૧૯૨૭ માં ગે.કા. નો ભારતીય બનાવટ નો વિદેશી દારૂ બીયર ટીન કુલ નંગ–૯૬, કુલ કિંમત રૂા.૧૧,૦૪૦/– નો પ્રોહી મુદ્દામાલ તથા હેરાફેરીમાં ઉપયોગ માં લીધેલ મો.સા. ની કિંમત રૂા.૭૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૮૧,૦૪૦/– નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાશી જઈ આરોપીએ બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એ, ઈ, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૪) રજુ થયેલ પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**<u>મુદ્દા નં.૧ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં.૨ :</u>** આખરી હુકમ મુજબ.

(૫) આ નિર્ણયો કરવા માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

૧) ફરીયાદપક્ષે **ફરીયાદી અશ્વિનભાઈ સોરમાભાઈ** નાઓને **આંક–૦૬** થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ એલ.સી.બી. છોટાઉદેપુર ખાતે પો.કો. તરીકે ફરજ પર હતા. ઝોઝ પો.સ્ટે વિસ્તારમાં પોલીસના અન્ય માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાત્મી મળેલ કે એક લાલ કલરની પલ્સર મોટર સાઈકલ જી.જે.૦૬.જે.કે.૧૯૨૭ ઉપર ભારતીય બનાવટનો વીદેશી દારુ માલુ સીલોજ ગામ તરફથી ડુંગર ગામ તરફ જનાર છે જે બાતમી હકીકતના આધારે નજીકમાથી બે પંચોના માણસો ધીમલાભાઈ રમતીયા ભાઈ રાઠવા તથા લાલસીંગભાઈ સુરેશભાઈ રાઠવા નાઓને સાથે કેનાલ પાસે નાકાબંધીમાં હતા. તે વખત ઉપરોકત બાતમીવાળી પલ્સર મોટર સાઈકલ આવતા તેને રોકવાનો ઈસારો કરતા ચાલક પોલીસના માણસોને દુરથી જોઈને મો.સા. નાખી નાસવા લાગેલ જે પીછો કરતા પકડાયેલ નહી અને મો.સા. ઉપર કાપડ વડે પેટીઓ બાંધેલી હતી. જે પંચો રૂબરૂ તપાસ કરતા વીદેસી દારૂ ભરેલ હોવાનું જણાય આવેલ. સદર ભારતીય બનાવટ નો વીદેસી દારૂ માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર ૫૦૦ મીલીના પ્લાસ્ટીકના હોલ કુલ બોટલ નંગ–૯૬, કુલ કી.રૂા.૧૧,૦૪૦/– તથા મો.સા.ની કી.રૂા.૭૦,૦૦૦/– ગણી કુલ કી.રૂા.૮૧,૦૪૦/– નો મુદ્દામાલ મળી આવેલ. જેથી મળી આવેલ મુદ્દામાલ માથી એક બોટલ સેમ્પલ અર્થે લઈ

પંચનામાની વિગતે ગણી કબજે કરી મો.સા. ચાલક વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૬૫(એઈ),૯૮(૨) મુજબની ફરીયાદ તેઓએ આપેલ. બનાવ ૦૯:૪૦ વાગે બનેલ. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. તેમા ફરીયાદી તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આરોપી ને જોયેથી તેઓ ઓળખી શકે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે.

૨) ફરીયાદપક્ષે **પંચસાહેદ લાલસીંગભાઈ સુરેશભાઈ રાઠવા** નાઓને **આંક –૦૮** અને **પંચસાહેદ ગેમલાભાઈ રમતીયાભાઈ રાઠવા** નાઓને **આંક–૧૦** થી સોગંદ પર તપાસેલા છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલ હતી. જે પંચનામુ તેઓને બતાવવામા આવે છે જેમાં પંચો તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

સદર પંચસાહેદો ફરીયાદ હકીકતની મહત્વની બાબતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. એ સિવાય બીજી કાંઈ હકીકત જાણતા નથી.

૩) ફરીયાદપક્ષે **સાહેદ વ્રજેશકુમાર રમેશચંદ** નાઓને **આંક–૧૨** થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ એલ.સી.બી. છોટાઉદેપુર ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ પર હતા. ઝોઝ પો.સ્ટે વિસ્તારમાં પોલીસના અન્ય માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાત્મી મળેલ કે એક લાલ કલરની પલ્સર મોટર સાઈકલ જી.જે.૦૬.જે.કે.૧૯૨૭ ઉપર ભારતીય બનાવટનો વીદેશી દારુ માલુ સીલોજ ગામ તરફથી ડુંગર ગામ તરફ જનાર છે જે બાતમી હકીકતના આધારે નજીકમાથી બે પંચોના માણસો ધીમલાભાઈ રમતીયા ભાઈ રાઠવા તથા લાલસીંગભાઈ સુરેશભાઈ રાઠવા નાઓને સાથે કેનાલ પાસે નાકા બંધીમાં હતા. તે વખત ઉપરોકત બાતમીવાળી પલ્સર મોટર સાઈકલ આવતા તેને રોકવાનો ઈસારો કરતા ચાલક પોલીસના માણસોને દુરથી જોઈ ને મો.સા. નાખી નાસવા લાગેલ જે પીછો કરતા પકડાયેલ નહી અને મો.સા. ઉપર કાપડ વડે પેટીઓ બાંધેલી હતી. જે પંચો રૂબરૂ તપાસ કરતા વીદેસી દારૂ ભરેલ હોવાનું જણાય આવેલ. સદર ભારતીય બનાવટનો વીદેસી દારૂ માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર ૫૦૦ મીલીના પ્લાસ્ટીકના હોલ કુલ બોટલ નંગ–૯૬, કુલ કી.રૂા.૧૧,૦૪૦/– તથા મો.સા. ની કી. રૂા.૭૦,૦૦૦/– ગણી કુલ કી.રૂા.૮૧,૦૪૦/– નો મુદ્દામાલ મળી આવેલ. જેથી મળી આવેલ મુદ્દામાલ માથી એક બોટલ સેમ્પલ અર્થે લઈ પંચનામાની વિગતે ગણી કબજે કરી મો.સા. ચાલક વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૬૫(એઈ),૯૮(૨) મુજબની ફરીયાદ તેઓની સાથેના પો.કો. અશ્વિનભાઈ સોરમાભાઈએ આપેલ. બનાવ ૦૯:૪૦ વાગે બનેલ. અને ત્યાં સ્થળ પર કનેકટીવીટી ન હોવાથી સદર જગ્યાએ ઈ સાક્ષ્ય પંચનામુ થઈ શકે તેમ ન હોય ઉપરોકત તમામ મુદ્દામાલ સાથે ઝોઝ પો.સ્ટે. લાવેલા અને ત્યાં તેઓના મોબાઈલમાં સ્થળ પર મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામાની

વિડિયોગ્રાફીથી કરેલ. જે સ્થળ પર ઈ સાક્ષ્ય એપ્લીકેશન ઉપર તેઓના મોબાઈલ નં. ૯૪૨૮૧૬૬૫૭૪ માં ઓપ્પો કંપનીનો સીપીએચ ૨૬૯૭ ઈ સાક્ષ્ય એપ્લીકેશન વર્ઝન ૪.૧.૨ તા. ૦૬/૦૮/૨૦૨૫ ક.૦૯:૩૬ ઝોઝ લેટીટયુડ ૨૨.૪૩૦૮૦૩૪ અને લોંગીટયુડ ૭૩.૯૬૭૬૮૬૪ અને એસ.આઈ.ડી. નં. ૨૦૬૮૯૫૨૬૫૭૪૬૫૨૦૭ થી પ્રોહી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલ જેનો ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ –૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર જનરેટ થયેલ જે અસલ રજુ છે. તેઓ રેડમા સાથે હોય તપાસના કામે તેઓનું નિવેદન લીધેલે સદર ગુનો ઝોઝ પો.સ્ટે.નોંધવા યાદી કરેલ. જે અસલ યાદી તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે.

૪) ફરીયાદપક્ષે **ત.ક.અ. પુનિતભાઈ નાથાભાઈ** નાઓને **આંક–૧૫** થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૦૬/ ૦૮/ ૨૦૨૫ ના રોજ ઝોઝ પો.સ્ટે. માં એ.એસ.આઈ. તરીકે તેઓની ફરજ પર હતા. ત્યારે છોટાઉદેપુર એલ.સી.બી. પોલીસ દવારા ઝોઝ સી ગુ.ર.નં. ૭૪૮/ ૨૦૨૫ થી પ્રોહી એકટની કલમ–૬૫ એ,ઈ, ૯૮(૨) મુજબનો ગુનો મો.સા. નં. જીજે–૦૬–જેકે–૧૯૨૭ ના ચાલક વિરુધ્ધ ફરીયાદ એલ.સી.બી. ના પો.કો. અશ્વિનભાઈ સોરમાભાઈ નાઓએ આપેલી. જે ફરીયાદના અનુસંધાનમાં સદર ગુનો ઝોઝ પો.સ્ટે. નોંધવા એલ.સી.બી. ના વ્રજેશકુમાર રમેશચંદ્ર નાએ આપેલી. સદર ગુનાની તપાસ તેઓની તરફ આવતા તપાસ તેઓએ જાતે સંભાળી અને ફરીયાદ અને પંચનામું જોઈ ગુનાથી વાકેફ

થયેલા. જે અસલ પ્રમાણપત્ર આ કામે રજુ છે. ઉપરોકત બતાવેલ મો.સા. આવતા તેને રોકવાનો ઈસારો કરતા ચાલક પોલીસના માણસોને દુરથી જોઈને મો.સા. નાખી નાસવા લાગેલ. જે પીછો કરતા પકડાયેલ નહી અને મો.સા. ઉપર કાપડ વડે પેટીઓ બાંધેલી હતી. જે પંચો રૂબરૂ તપાસ કરતા વીદેસી દારૂ ભરેલ હોવાનું જણાય આવેલ. સદર ભારતીય બનાવટનો વીદેસી દારૂ માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર ૫૦૦ મીલીના પ્લાસ્ટીકના હોલ કુલ બોટલ નંગ–૯૬, કુલ કી.રૂા.૧૧,૦૪૦/– તથા મો.સા. ની કી. રૂા.૭૦,૦૦૦/– ગણી કુલ કી.રૂા.૮૧,૦૪૦/– નો મુદ્દામાલ મળી આવેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ગુનામા વપરાયેલ વાહનનું નામ મેળવવા આર.ટી.ઓ. કચેરી છોટાઉદેપુરને યાદી કરેલ જેમાં તેઓની સહી છે જે સદર કામે રજુ છે. તપાસના કામે મો.સા. અંગે તપાસ કરતા મો.સા. નાયકા શિવરામ કૃષ્ણ રેડ્ડીના નામે હોવાનું જણાયેલ જે આર.ટી.ઓ કચેરીની રજી. ડીટેઈલની યાદી સદર કામે રજુ કરેલ છે. તથા તેનો જવાબ લેતા તેણે જણાવેલ કે સદર વાહન તેણે સંદિપભાઈ નગીનભાઈ રાઠવા નાઓએ વેચેલ છે, જેનો વેચાણ કરાર પણ કરેલ જેની નકલ તપાસના કામે સામેલ રાખેલ. તથા આરોપીને બોલાવી તેનો જવાબ લેતા તેણે ગુનામા વાપરતા હોવાનું જણાતા તેમનો જવાબ લેતા તેમણે ઉપરોકત મો.સા. ગુનામા વાપરેલ જેથી તે હાજર થતા તેમની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. તપાસના કામે મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાના કરેલ. જે રવાનગી નોંધમાં તેઓની સહી છે જે સદર કામે રજુ છે. તથા સદર મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળી ગયેલ જેની પહોચ સદર કામે રજુ છે. તથા મુદ્દામાલ પૃથ્થકરણ થઈને આવેલ જેનો ફોરવર્ડીગ લેટર સદર કામે રજુ છે. જે પૃથ્થકરણ રીપોર્ટમાં ઈથાઈલ આલ્કોહોલ અને શર્કરા તથા યીસ્ટની હાજરી બતાવેલી છે. જેમાં વિશિષ્ટ ઘનતા ૦.૯૯૧ અને પ્રતિશત કદ ૬.૩૪

બતાવેલ છે જે નશો કરવા યોગ્ય જણાયેલ. જેમાં એફ.એસ.એલ. કરનાર એમ.એન.પંડયા મદદનીશ નિયામકની સહી છે. સદર ગુનાના કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પકડાયેલ મુદ્દામાલ ઉત્પાદન કરતા કંપની, માલીક કે મેનેજર નો કોઈ જવાબ લીધેલ નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવ જગ્યાએ જાહેરમાર્ગ આવેલો છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહે છે તથા વિદેશી દારૂ તથા એકટીવા બીનવારસી મળેલ.

૫) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા પંચસાહેદ લાલસીંગ ભાઈ સુરેશભાઈ રાઠવા અને પંચસાહેદ ગેમલાભાઈ રમતીયાભાઈ રાઠવા નાઓએ માત્ર તૈયાર પંચનામામાં પોતાની સહીઓ કરી તે સિવાય કોઈ કાર્યવાહી આંક–૦૯ થી રજૂ થયેલ મુદામાલ કબજે કર્યાના પંચનામામાં કરેલ ન હોવાનું જણાવતા વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપીની મો.સા. માંથી મુદ્દામાલ કબજે થયેલ હોવાનું સાબીત થયેલ નથી. પંચોને ખોટા માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. આ કેસના એકમાત્ર સ્વતંત્ર અને તટસ્થ ગણી શકાય એવા પંચોનું ફરીયાદપક્ષના કેસને સમર્થન સાંપડેલ નથી. કબજે કરાયેલ મુદ્દામાલ ખરેખર વિદેશી દારુ હોવા બાબતે એફ.એસ.એલ. નો આધાર જે આંક–૨૧ થી રજુ કરાયેલ છે. જે જોવામાં આવે તો તેમાં ઈથાઈલ આલ્કોહોલ અને શર્કરા તથા યીસ્ટની હાજરી બતાવેલી છે. જેમાં વિશિષ્ટ ઘનતા ૦.૯૯૧ અને પ્રતિશત કદ ૬.૩૪

બતાવેલ છે જે નશો કરવા યોગ્ય જણાયેલ પરંતુ તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપીના કબજા ભોગવટાવાળી મો.સા. માંથી મળી આવેલ હોવાનું વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત થયેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદી અશ્વિનભાઈ સોરમાભાઈ તથા આ કામના સાહેદ વ્રજેશકુમાર રમેશચંદ્ર નાઓએ આંક–૦૭ થી રજૂ થયેલ ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ છે. તેમજ ત.ક.અ. પુનિતભાઈ નાથાભાઈ નાઓએ પણ ફરીયાદ ને સમર્થનકારક જુબાની આપેલ છે તેમજ વધુમાં તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આર.ટી.ઓ. કચેરી થી ગાડીના માલીકીની તપાસ કરી તેમનું નિવેદન લીધેલ અને તેમણે આ કામના આરોપીને વેચાણ કરેલ હોવાનું જણાવતા આરોપીનું નિવેદન લીધેલ અને આરોપીએ જ વાહનનો ઉપયોગ ગુનામાં કરેલ હોવાનું જણાતા આરોપી ની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. તપાસના કામે મુદ્દામાલ એફ.એસ.એલ. માં રવાના કરેલ. આરોપી વિરુધ્ધ તેઓએ ચાર્જસીટ કરેલ. સદર કામે જયારે ફરીયાદી તથા સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતની કબુલાત કરેલ છે કે, બનાવ જગ્યાએ જાહેર માર્ગ આવેલો છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહેતી હોય છે પરંતુ ત.ક.અ. ની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ જગ્યાએ જાહેર માર્ગ આવેલો છે અને ત્યાં વાહનો તથા માણસોની અવર જવર રહેતી હોય છે. આમ, પોલીસ સાહેદોમા જ મહત્વનો વિરોધાભાષ જોવા મળેલ છે. હાલના કેસમાં માની લેવામા આવે કે બનાવવાળી જગ્યાએ જાહેરમાર્ગ આવેલ છે અને માણસોની અવર જવર રહે છે તેમ છતાં સદર કામે પંચસાહેદો સિવાયના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી આરોપીને આ ગુનાના કામે

સાંકળી શકાય નહી. જેથી મુદ્દામાલ સાથે આરોપીને સાંકળવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી માટે મુદ્દા નં.૧ નો નિર્ણય **<u>નકારમાં</u>** કરવામાં આવે છે.

(૬) **<u>મુદ્દા નં.૨ :–</u>**

મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કેસના આરોપી **સંદિપ ભાઈ નગીનભાઈ રાઠવા,** ઉ.વ.આ.૨૧, રહે. પનીયાલ ફળીયા, અમલીપાની છોતરા ગામ, તા.દેવગઢ બારીયા, જી.દાહોદ નાઓને તેની સામેનો બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એ, ઈ, ૯૮(૨) મુજબનો શિક્ષા પાત્ર ગુના નો આરોપ ના સાબીત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો નિયમોનુંસાર નાશ કરવો તથા મુદ્દામાલ મો.સા. અરજદારની માંગણીથી વેરીફાઈ કરી અપીલ સમય બાદ નિયમાનુંસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૧ લી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.**

તારીખ: ૦૧–૦૭–૨૦૨૬.
સ્થળ: છોટાઉદેપુર

**(વિશાલ પ્રભાકર મહેતા)**
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
છોટાઉદેપુર.
**જજ કોડ : જીજે–૦૧૫૩૮**